# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૯/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'આંત્રપ્રિન્યોર લોન્જ' અંતર્ગત યુવા ઉદ્યોગ સાહસિકોની સકસેસ સ્ટોરી વર્ણવવામાં આવી

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'આંત્રપ્રિન્યોર લોન્જ' અંતર્ગત યુવા ઉદ્યોગ સાહસિકોની સકસેસ સ્ટોરી વર્ણવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં યુટયુબર શ્રી મયંક પટેલ અને શ્રી બાદલ રામ તથા સુશ્રી નિશા આનંદ અને સુશ્રી તૃષ્ણા શાહ દ્વારા ઉદ્યોગ સાહસિક બનવા માટે પોતાના અનુભવો વર્ણવવામાં આવ્યા હતા.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, યુવાઓએ ગ્લોબલ સિનારીયોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ સાહસિક બનવાની દિશામાં મહેનત કરવી જોઇએ. જેથી કરીને તેઓ પોતે શરૂ કરેલા ઉદ્યોગમાં લાંબા ગાળે ટકી શકે. ચેમ્બરની સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.

મહિલા ઉદ્યોગ સાહસિક સુશ્રી નિશા આનંદે જણાવ્યુ હતુ કે કશું સરળ નથી, અથાગ પરીશ્રમનો કોઇ વિકલ્પ નથી. એમબીએ પૂર્ણ કર્યા બાદ નોકરી કરી હતી. જયાં નોકરી કરી હતી ત્યાં જ બિઝનેસ ગૃપોને બિઝનેસ ડેવલપમેન્ટ અંગેની ટ્રેનીગ આપવાનુ શરૂ કર્યુ હતુ. અંગ્રેજીને કારણે યુવા વર્ગ આગળ વધી શકતા નથી આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે એમઓયુ સાઇન કર્યા હતા. જે અંતર્ગત યુવાઓને અંગ્રેજી

ભણાવવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ ધીમે ધીમે ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ કોર્પોરેટ ટ્રેનીંગ આપવાની શરૂઆત કરી હતી. હવે તેઓ કોર્પોરેટ ટ્રેનર તરીકે પોતાનો વ્યવસાય કરે છે.

યુટયુબર તરીકે ઉદ્યોગ સાહસિક બનેલા શ્રી મયંક પટેલે પોતાના અનુભવો વર્ણવતા જણાવ્યુ હતુ કે, મોબાઇલમાં સ્ટ્રીટ ફૂડના વિડીયો શૂટ કરીને યુ ટયુબ ઉપર અપલોડ કરુ છુ. શરૂઆતમાં પંદર દિવસે એક વિડીયો મુકતો હતો. હવે અઠવાડીયામાં પાંચ વિડીયો શૂટ કરીને અપલોડ કરુ છુ. મને એક લાખ સબસ્ક્રાઇબર સુધી પહોંચતા બે વર્ષનો સમયગાળો લાગ્યો હતો. ત્યારબાદ બે લાખ સબસ્ક્રાઇબર થવામાં માત્ર ત્રણ મહિનામાં જ લાગ્યા હતા. યુ ટયુબ ઉપર અપલોડ કરવામાં આવતા વિડીયોને મળતી દરેક લાઇક અને કોમેન્ટથી યુ ટયુબ રૂપિયા આપે છે. તેમણે વધુમાં કહયુ હતુ કે, વિડીયો શૂટ કરવા માટે મોંઘા ઇકવીપમેન્ટની જરૂર નથી. તેઓ સ્માર્ટ ફોનથી જ વિડીયો શૂટ કરે છે અને એડીટ કરીને યુ ટયુબ ઉપર અપલોડ કરે છે.

યુટયુબર તરીકે ઉદ્યોગ સાહસિક બનનાર ૧૯ વર્ષીય શ્રી બાદલ રામે જણાવ્યુ હતુ કે, ધોરણ પાંચમાં અભ્યાસ કરતો હતો ત્યારે સાયબર કાફેમાં જતો હોવાથી યુટયુબની જાણકારી મળી હતી. ધોરણ ૧૧માં અકસ્માત થતા ચાર મહિનાના બેડરેસ્ટ દરમિયાન રૂપિયા કઈ રીતે કમાવી શકાય તે અંગે વિચાર આવ્યો હતો. પિતાએ લઇ આપેલા મોબાઇલથી અલગ–અલગ વિડીયો શૂટ કરીને યુટયુબ ઉપર અપલોડ કરતો હતો. ચેનલ બનાવીને રાત્રે એક વિડીયો યુટયુબ ઉપર અપલોડ કર્યો તો સવાર સુધીમાં ૪૦ હજાર લોકોનો વ્યૂ મળ્યો હતો. એક જ મહિનામાં રૂપિયા ૭૦ હજાર સુધીની કમાણી થઇ હતી. એટલે ફૂડના વિડિયો શૂટ કરવા માટે સુરતથી ગોવા ગયો અને ત્યારબાદ થાઇલેન્ડમાં વિડીયો શૂટ કરીને અપલોડ કર્યો હતો પણ તેમાં જોઇતી સફળતા મળી ન હતી. ધોરણ ૧૨માં ફેલ થયા બાદ પિતાએ મોબાઇલ લઇ લીધો હતો. પણ અટકયા વગર મિત્રના મોબાઇલથી વિડીયો શૂટ કરીને અપલોડ કરવાનુ ચાલુ રાખ્યુ હતુ. આ રીતે એક વર્ષમાં એક મિલીયન લોકોનો વ્યૂ મળતા તેઓ સફળતા થઇ શકયા હતા.

મહિલા ઉદ્યોગ સાહસિકો સુશ્રી તૃષ્ણા શાહે જણાવ્યુ હતુ કે આઠ વર્ષ નોકરી કર્યા બાદ વિચાર આવ્યો કે પોતાનો બિઝનેસ શરૂ કરવો જોઇએ. આથી નવી નવી રેસીપી બનાવવાની શરૂઆત કરી. સલાડ તેમજ અન્ય વાનગીઓ બનાવવાની શરૂઆત કરી હતી. સાથે જ ફંકશનમાં ફૂડ ડેકોર કરવાનુ પણ ચાલુ કર્યુ હતુ. બે વર્ષની મહેનત બાદ સારો પ્રતિસાદ મળતા તેઓએ આ કામ શરૂ રાખ્યુ છે અને તેને મોટુ સ્વરૂપ આપવા માટે મહેનત કરી રહયા છે.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. ચારેય ઉદ્યોગ સાહસિકોએ યુવાઓના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા. કાર્યક્રમના અંતે ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.